સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), ભાવનગર માટે મકાન ભાડેથી રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:SJED/MIS/e-file/17/2024/1058/A-1
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગના તા.૧૨/૧૨/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક:SJED/MIS/e-file/17/2024/1058/A-1 Section.
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીનો તા.૨૦/૦૯/૨૦૨૫નો પત્ર ક્રમાંક:DDCW/HSR/e-file/225/2025/0306/Chh-Branch Government Hostel and Ideal.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), ભાવનગર માટે પ્લોટ નં.-૨૫૫૫/એ, સુર્યદીપ કોમ્પલેક્ષ, રામમંત્ર મંદીર સામે, રાધેશ્યામ હોસ્પીટલની બાજુમાં, તળાજા રોડ, ભાવનગર ખાતે આવેલ શ્રી ધાંધલીયા વજેરામભાઈ બચુભાઈ અને ધાંધલીયા ભરતભાઈ બચુભાઈની માલિકીનુ મકાન માસિક રૂ.૧,૨૫,૦૦૦/- ના ભાડેથી અન્ય સરકારી મકાન ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી અથવા એક વર્ષ (બે પૈકી જે વહેલુ હોય તે મુજબ) ભાડેથી રાખવાની મંજુરી આપેલ હતી. ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીના તા.૨૦/૦૯/૨૦૨૫ના પત્રથી સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), ભાવનગર માટે પ્લોટ નં.-૨૫૫૫/એ, સુર્યદીપ કોમ્પલેક્ષ, રામમંત્ર મંદીર સામે, રાધેશ્યામ હોસ્પીટલની બાજુમાં, તળાજા રોડ, ભાવનગર ખાતે આવેલ શ્રી ધાંધલીયા વજેરામભાઈ બચુભાઈ અને ધાંધલીયા ભરતભાઈ બચુભાઈની માલિકીનુ મકાન માસિક રૂ.૧,૨૫,૦૦૦/- મુજબ તા.૧૨/૧૨/૨૦૨૫ થી તા.૧૧/૧૨/૨૦૨૬ સુધી અથવા સરકારી મકાન ઉપલબ્ધ થાય તે બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી ભાડેથી રાખવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી, જે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, સરકારી કન્યા છાત્રાલય, (વિ.જા.), ભાવનગર માટે ભાડેથી રાખેલ પ્લોટ નં.૨૫૫૫/એ, સુર્યદીપ કોમ્પલેક્ષ, રામમંત્ર મંદીર સામે, રાધેશ્યામ હોસ્પિટલની બાજુમાં, તળાજા રોડ, ભાવનગર ખાતે આવેલ શ્રી ધાંધલીયા વજેરામભાઈ બચુભાઈ અને ધાંધલીયા ભરતભાઈ બચુભાઈની માલિકીનું મકાન માસિક **રૂ.૧,૨૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર પુરા) પ્રમાણે તા.૧૨/૧૨/૨૦૨૫ થી તા.૧૧/૧૨/૨૦૨૬ સુધી** અથવા સરકારી મકાન ઉપલબ્ધ થાય તે બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી ભાડેથી રાખવા નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

1. જે તારીખે મકાનનો કબજો મેળવવામાં આવે તે તારીખથી મકાનનું ભાડું ચૂકવવાનું રહેશે.
2. આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.
3. આ મકાનમાં છાત્રાલયને અનુરૂપ જરૂરી સુધારા-વધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.
4. મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે તથા યોગ્ય સેનીટેશન મકાનમાલિકે જાળવવાનું રહેશે.
5. મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખા, પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.
6. મકાન માલિકે પોતાના ખર્ચે નિયમોનુસાર મકાનમાં જરૂરી ફાયરસેફ્ટી સિસ્ટમ અને સી.સી.ટી.વી. કેમેરા લગાવવા રહેશે તેમજ ફાયરસેફ્ટી અંગેની વખતોવખતની સરકારી ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.
7. મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.
8. આ અંગેનો ખર્ચ જે-તે નાણાકીય વર્ષમાં થયેલ બજેટ જોગવાઇની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.
9. એક વર્ષ બાદ મકાન ભાડે રાખવાની જરૂરીયાત જણાય તો, કાર્યપાલક ઇજનેરશ્રીનું મકાન ભાડા અંગેનું પ્રમાણપત્ર નવેસરથી મેળવીને વિભાગને મંજૂરી અર્થે દરખાસ્ત રજૂ કરવાની રહેશે.
10. નિયામકશ્રી, વિ.જા.ક.ની કચેરીએ સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), ભાવનગર માટે સરકારી જમીન મેળવી સરકારી મકાનના બાંધકામ માટે તાત્કાલિક નિયમોનુસારની જરૂરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૨. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના નાણા વિભાગની તા.૭/૧૦/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

(દેવ્યાની ઝાલા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**નકલ રવાના:-**

- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.) ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.), જિ.ભાવનગર (નિયામકશ્રી, વિ.જા.ક.ની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવને વિભાગની વેબ સાઇટ પર મૂકવા સારૂ)
- સિલેકટ ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified

Signed by:Devyani Zala
Section Officer
Date:2026.10.16
16:19:39 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign